# ભેદવિજ્ઞાનતઃ સિદ્ધાઃ — ૧ —

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ અંતર્ગત 'મોના' (યુ.એસ.એ.) દ્વારા ઉપરોક્ત વિષય ઉપર પાંચ દિવસના એક શિબિરનું આયોજન તા. 25 થી 29 ઓક્ટોબર 2014 દરમિયાન દેવલાલી સંકુલમાં લગભગ 500 જેટલા મુમુક્ષુઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું. પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ પૂજ્ય કાનજીસ્વામીના ગ્રંથાધિરાજ શ્રી સમયસારની ગાથા 181થી 183 તથા કળશ 131 પરના અમૃતઝરતા આત્મસ્પર્શી પ્રવચનોને કેન્દ્રબિંદુમાં રાખીને આયોજિત કરવામાં આવેલા આ શિબિરનું ઉદ્‌ઘાટન આદરણીય પંડીતવર્ય ડો. હુકમચંદજી ભારિલ્લે કર્યું હતું અને વિદ્વત્‌ગણ પં.ડો. ઉત્તમચંદજી જૈન, ચેતનભાઈ મહેતા, પં. અભયકુમાર જૈન, પં. બ્ર. હેમચંદ જૈન, શ્રી ભરતભાઈ શેઠ, પં.ડો. રાકેશ જૈન તથા શ્રી રમણીકભાઈ સાવલાના ભેદવિજ્ઞાનપ્રેરક અનેકવિધ વિષયો પરના પ્રવચનો, સમીક્ષાઓ તથા જ્ઞાનગોષ્ટિઓનો ભરપૂર લાભ શિબિરાર્થીઓને મળ્યો હતો. આ સંપૂર્ણ શિબિરને આવરી લેતી એક ઓડીયો ડીવીડી પણ શિબિરના અંતે સૌને ઉપલબ્ધ કરવામાં આવી હતી.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપરોક્ત પ્રવચનોમાંથી વીણેલા શ્રુત-રત્નો તથા શ્રી સમયસાર ગાથા 2, 144, 181-183, 294, સ્વાનુભૂતિ દર્શન બોલ નં. 104, 105, 106, 307, 340, 342, નાટક સમયસારસંવર દ્વાર, ધવલા-મંગલ પ્રકરણ આદિ આદિ વિષયો પર આ શિબિરમાં વિદ્વાનો સાથે થયેલી ચર્ચાઓમાંથી તારવેલા અત્યંત પ્રયોજનભૂત બિંદુઓનું 'મોના' તરફથી તૈયાર કરવામાં આવેલું એક સંકલન 'ગુરુપ્રસાદ'ના વાચકોના લાભાર્થે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આશા છે કે આ મહત્ત્વના બિંદુઓ મુમુક્ષુઓને તેમના દૈનિક ચિંતન અને પ્રયોગ માટે અત્યંત ઉપયોગી નીવડશે.

## પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી વિણેલા શ્રુત-રત્નો.

★ ઉપયોગમાં (અર્થાત્) શુદ્ધ ઉપયોગમાં (અથવા) શુદ્ધ પરિણતિમાં 'ઉપયોગ' (અર્થાત્) ઉપયોગ સ્વરૂપે જણાય છે. શુદ્ધમાં શુદ્ધ જણાય છે, અશુદ્ધમાં શુદ્ધ જણાતો નથી.

★ એક વસ્તુ બીજી વસ્તુની નથી (એટલે કે) બે વસ્તુઓ વચ્ચે કોઈ સંબંધ નથી.

★ (બે વસ્તુનો) ભાવભિન્ન છે માટે વસ્તુભિન્ન છે, વસ્તુ ભિન્ન છે માટે ક્ષેત્ર (પ્રદેશ) ભિન્ન છે.

★ (1) એક વસ્તુની બીજી વસ્તુ નથી, કારણ કે (2) બન્ને વસ્તુના પ્રદેશ ભિન્ન છે તેથી બેયની સત્તા ભિન્ન છે, અને તેથી (3) બન્ને વચ્ચે આધાર-આધેય સંબંધ નથી.

★ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (અર્થાત્ દ્રઢપણે રહેવા રૂપ) જ આધાર આધેય સંબંધ છે. નિર્મળ પરિણતિ - મોક્ષમાર્ગ અથવા સંવરની પર્યાય આધાર અને આત્મા આધેય છે.

★ 'ચિદ્‌વિલાસ'માં નિર્મળ પરિણતિ અને દ્રવ્યના પ્રદેશો પણ ભિન્ન કહ્યાં છે (પરંતુ અહીં એ વાત નથી.

★ જ્ઞાનના સ્વરૂપને જ્ઞાનના સ્વરૂપનો આધાર છે, જેમ આકાશને આકાશનો આધાર છે. દરેક પરમાણુ તેના આધાર ગુણને આધારે છે.

★ જ્ઞાનનું જે પરિણામ થયું એમાં એ જણાયો માટે જાણનક્રિયાના આધારે આત્મા છે. જેની સત્તા-મોજૂદગી-હોવાપણામાં આ છે આ છે એમ જણાય છે માટે જાણનક્રિયાના આધારે આત્મા છે. જાણનક્રિયા એ આત્માનું જ સ્વરૂપ છે માટે

આત્મા પોતે જ આધાર અને આધેય છે.

★ રાગમાં આકુળતા છે માટે તેના આધારે આત્મા જણાતો નથી.

★ નિમિત્ત તરફનું વલણ એ રાગ છે.

★ 'ભેદજ્ઞાન કરતા નથી' એટલે કે રાગની એકતાબુદ્ધિમાં પડ્યા છે.

★ 'ભેદજ્ઞાનના અભાવથી જ રખડે છે એટલે કે એમાં તારો જ અધિકાર છે અને એમાંથી છૂટવાનો પણ તારો જ અધિકાર છે.

★ 'ઉપયોગમાં ઉપયોગ છે' - પહેલો ઉપયોગ એટલે વીતરાગ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ ઉપયોગની પરિણતિમાં આત્મા છે. આમ જોઈએ તો દ્રવ્યને આધારે પર્યાય છે. અહીં તો કહે છે કે પર્યાયને આધારે દ્રવ્ય છે કારણ કે પર્યાયથી આત્મા જણાયો.

★ જે ક્ષેત્રમાં જેટલામાં ધ્રુવપણું છે એટલામાં એ આસ્રવ નથી. એનાથી જરી ભિન્ન પ્રદેશના છેલ્લા અંશમાં આસ્રવ છે. પ્રદેશ તો અસંખ્ય પ્રદેશ માંહ્યલમાં જ છે પરંતુ એ ભિન્ન છે, આ ભિન્ન છે. આ બાજુ આખો ધ્રુવ આત્મા ભિન્ન છે.

★ આસ્રવનો ભાવ નીકળી ગયા પછી પેલા પ્રદેશ કાંઈ નીકળી જતા નથી, પરંતુ જ્યાં સુધી આસ્રવ છે ત્યાં સુધીના પ્રદેશ ભિન્ન છે એમ કહેવામાં આવે છે. આસ્રવ ગયા પછી એ પ્રદેશ નિર્મળ થઈ ગયા, અભિન્ન થઈ ગયા.

★ નિર્મળ પર્યાય છે એમાં નાશવાન ઉપયોગ લીધો છે. એકલો શુદ્ધ ઉપયોગ છે એ સદાય ન રહી શકે એટલે એનું શુદ્ધ પરિણમન આધાર લીધું અને ઉપયોગનો અર્થ જાણનક્રિયા કર્યો. એ જાણનક્રિયામાં બધા ગુણોની પર્યાય આવી ગઈ.

★ ગમે તેટલો કષાયનો મંદ ભાવ હોય, શુક્લ લેશ્યા હોય, પરંતુ એનાથી આત્માને ધર્મ થાય એમ નથી, એના આધારે આત્મા જણાય એમ નથી.

★ અનંત ગુણાંશ જે શક્તિમાં હતા તે વ્યક્તરૂપે થયા, તે પરિણમનને આધારે જણાયું કે આ (પૂર્ણ આત્મા છે). આનંદને આધારે જણાયું કે પૂર્ણ આનંદ છે. જ્ઞાનની વ્યક્તતાનો અંશ પૂર્ણ જ્ઞાનને જણાવે છે. માટે તે અંશને આધાર અને અંશીને આધેય કહેવામાં આવે છે.

★ પર્યાય જ ઉત્પન્ન ન હોય, પ્રગટ ન હોય તો આ ત્રિકાળ છે એને જાણ્યો કોણે? જાણનક્રિયા અને આત્મા - બેની સત્તા એક જાણનક્રિયા આધાર અને વસ્તુ આધેય.

★ દરેક ભગવાન આત્મા ભગવત્ સ્વરૂપ છે અંદર બાળગોપાળ બધા શરીર કાઢી નાખો, એને ન જુઓ, રાગને ન જુઓ તો બધા ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એ એની પરિણતિમાં જણાય છે, (માટે) પરિણતિ એનું સ્વરૂપ છે.

★ જેણે સંયોગથી લાભ થાય એમ માન્યું છે એને સંયોગ નહીં છૂટે. ચારગતિનો સંયોગ ભાવ તારો માન્યો, એનાથી લાભ માન્યો તો સંયોગ ભાવ નહીં છૂટે, સંયોગી ચીજ નહીં છૂટે.

★ આકાશ જેમ ક્ષેત્રથી પ્રસરેલું છે એમ આ મહાજ્ઞાન - અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ-એના ભાવની અનંતતા છે. એ જ્ઞાન સ્વરૂપી પ્રભુ બીજી કોઈ ચીજને આધારે છે એમ છે જ નહીં. જ્ઞાનના સ્વરૂપને જ્ઞાનના સ્વરૂપનો જ આધાર છે.

★ તારામાં પ્રભુ! જ્ઞાન અને આનંદ છે ને! એ જ્ઞાન અને આનંદનો વિચાર કર તો એ વિચાર અને મનનને આધારે એ જણાય છે માટે મનન પરિણામ એ આધાર અને એ (પોતે) આધેય છે એમ અંતર્મુખ જ્ઞાનની સૂક્ષ્મ પર્યાયમાં બરાબર

સમજી જવાય છે.

★ વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય, એ ના પાડે છે, એની સત્તા જુદી છે, પ્રદેશ જુદા છે અને બેને આધારે-આધેય સંબંધ પણ નથી.

★ ભાઈ! જૈન દર્શન બહું ઝીણું છે પરંતુ એ વસ્તુને સમજવાનું ફળ પણ અનંત આનંદ છે.

**વિદ્વાનોના પ્રવચનો, સમીક્ષાઓ તથા જ્ઞાનગોષ્ટિઓમાંથી તારવેલા બિંદુઓઃ-**

(અ) - ગાથા 181થી 183, કળશ 131:

★ એક વસ્તુની બીજી વસ્તુ નથી એટલે તેમના પ્રદેશભિન્ન છે. અહીં ક્રોધ અથવા આસ્રવતત્ત્વ એક વસ્તુ છે અને ઉપયોગ અથવા સંવરતત્ત્વ બીજી વસ્તુ છે. વસ્તુનો અર્થ પદાર્થ, અસ્તિકાય અથવા તત્ત્વ થઈ શકે છે.

★ 'રાગ અને જ્ઞાનની પર્યાયમાં અત્યંતાભાવ છે' - એમ પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું છે તે બે તત્ત્વો વચ્ચેનો 'તાત્ત્વિક અત્યંતાભાવ' છે.

★ આસ્રવના પ્રદેશોમાંથી દુઃખ ઝરે છે અને સંવરના પ્રદેશોમાંથી અતીન્દ્રિય આનંદ ઝરે છે.

★ બે પદાર્થો વચ્ચે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની ભિન્નતા છે. આસ્રવ અને સંવર વચ્ચે સ્વકાળ અલગ અલગ છે, ભલે તેઓ એક કાળમાં એક સાથે જ દેખાતા હોય.

★ ભેદજ્ઞાનનાં ત્રણ પ્રકારો છે:-

અ : સ્થૂળ - બે દ્રવ્યો વચ્ચેનું ભેદજ્ઞાન

બ : સૂક્ષ્મ - આત્મદ્રવ્ય અને રાગાદિ વચ્ચેનું ભેદજ્ઞાન

ક : અતિ સૂક્ષ્મ - આત્મદ્રવ્ય અને નિર્મળ પર્યાય વચ્ચેનું ભેદજ્ઞાન.

★ જ્ઞાન ઉપયોગ એ એનું લક્ષણ છે અને એમાં લક્ષ્યભૂત ઉપયોગ - શાશ્વત અપરિણામી પરમાત્મા છે. જ્ઞાન ઉપયોગ લક્ષણ પણ અનાદિઅનંત રહે છે, (તેથી) તે અવ્યાપ્તિ દોષ રહિત છે.

★ આત્માને ઉપયોગમાં પ્રતિષ્ઠિત કરવાનો નથી, તે પ્રતિષ્ઠિત છે જ. શાશ્વત પદાર્થ એના લક્ષણમાં જ રહે છે, બીજે ક્યાંય નહીં.

★ ઉપયોગમાં ઉપયોગ છે એટલે કે જાણનક્રિયામાં આત્માનું અસ્તિત્વ કાયમ છે. એ લક્ષણ પ્રતિ સમય તેના લક્ષ્યને પ્રસિદ્ધ કરીને જ વ્યય પામે છે. જે પોતાના લક્ષ્યને પ્રસિદ્ધ ન કરે તે લક્ષણ નથી.

★ અંદરમાં ધ્રુવ પ્રવાહ જે અનાદિ અનંત અખંડ છે તે નિષ્ક્રિય પારિણામિક તત્ત્વ છે. તેમાં નિરંતર ચૈતન્યના નૂરનું પૂર-ક્રિયા વિના નિષ્ક્રયપણે જાણવાનું દેખવાનું-ચાલતું રહે છે. તે ત્રિકાળી પરમાત્માને અહીં (ઉપયોગમાં રહેલો બીજો) ઉપયોગ કહ્યો છે. એ ઉપયોગ (ઉપયોગ સ્વરૂપ ત્રિકાળી આત્મા) તે હું છું.

★ ઉપયોગમાં ઉપયોગ છે, ક્રોધાદિમાં ઉપયોગ નથી કારણ કે રાગાદિ ભાવ પરના લક્ષે થાય જે નીકળી જાય છે. ઉપયોગ (લક્ષણ) અનાદિ અનંત ઉપયોગ (લક્ષ) સાથે જોડાયેલા રહે છે.

★ જયારે જ્ઞાનમાં દ્ર પ્રતિષ્ઠિત છે એમ પ્રતીતિમાં આવશે ત્યારે રાગાદિ ભાવોની ઉત્પત્તિ જ નહીં થાય. લક્ષણમાં લક્ષ્યનો સ્વીકાર થતાં જ સંવર પ્રગટ થાય છે.

★ ઉપયોગમાં ઉપયોગ છે એવો ભેદ જયાં સુધી રહે છે ત્યાં સુધી રાગની ઉત્પત્તિ થાય છે, પરંતુ અભેદ થતાં જ સંવર પ્રગટે છે.

★ ઉપયોગમાં ઉપયોગ છે એ જ 'ઉત્પાદ વ્યયધ્રુવયુકતમ્ સત્' કહેવાય છે. *(ક્રમશઃ)*

# ભેદવિજ્ઞાનતઃ સિદ્ધાઃ 2.1

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ અંતર્ગત 'મોના' (યુ.એસ.એ.) દ્વારા ઉપરોક્ત વિષય ઉપર પાંચ દિવસના એક શિબિરનું આયોજન તા. 25 થી 29 ઓક્ટોબર 2014 દરમિયાન શિબિરમાં વિદ્વાનો સાથે થયેલી ચર્ચાઓમાંથી તારવેલા અત્યંત પ્રયોજનભૂત બિંદુઓનું 'મોના' તરફથી તૈયાર કરવામાં આવેલું એક સંકલન 'ગુરુપ્રસાદ'ના વાચકોના લાભાર્થે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

★ સૂર્ય અને પ્રકાશ બન્ને સાથે જ હોય છે. પ્રકાશે જેમ કદી સૂર્યને છોડ્યો નથી, તેમ ઉપયોગ ઉપયોગ (વાનને) કદી છોડતો નથી.

★ આ કામ નજરનું છે. ઉપયોગ સિવાય આત્મા ક્યાંય રહેતો નથી, માટે પહેલાં લક્ષણને પકડવું પડશે, ત્યારે ઉપયોગમાં ઉપયોગવાન છે એમ બેસી જશે. જાણનક્રિયામાં જાણનહાર છે અને હું એ જાણનહાર છું.

★ મારી પર્યાયમાં વિકાર થાય છે એવો અભિપ્રાય બહિર્મુખ આત્માને થાય છે.

★ આ ગાથામાં સ્વભાવભૂત વાત આવી છે, એમાં અનુભવની વાત છૂપાયેલી છે.

★ આગમ કહે છે કે જેના પ્રદેશ ભિન્ન હોય તેમાં અત્યંતાભાવ હોય છે. અધ્યાત્મ અપેક્ષાએ જેના લક્ષણ ભિન્ન છે તેમાં અત્યંતાભાવ છે.

★ રાગ બારમા ગુણસ્થાન સુધી વિદ્યમાન રહે છે. તેની ભિન્નતા આપણે સમજવી જોઈએ, તેની સત્તા પૃથક છે. એને બીજા પદાર્થની જેમ અલગ જોવાની છે. માટે અહીં પ્રદેશ ભિન્નતાની અપૂર્વ વાત કરી છે.

★ જ્યાં સુધી એને ઉપયોગ અને ઉપયોગવાનનો ભેદ દેખાય છે ત્યાં સુધી રાગાદિ ભાવ ચાલતો રહે છે, પરંતુ હું ઉપયોગવાન છું એવી દ્રષ્ટિ થતાં શુદ્ધનય પ્રગટ થઈ જાય છે.

★ ક્રોધ નિયમથી પુદ્ગલના લક્ષે જ પ્રગટ થાય છે, માટે તે કદી આત્માનું લક્ષણ થઈ શકતો નથી. આ જીવે કદી માન્યું નથી કે ક્રોધાદિ ભિન્ન છે અને જ્ઞાયક અભિન્ન છે.

★ આત્માના અસંખ્ય પ્રદેશો કદી અલગ થતા નથી. (તો) ક્રોધ (અથવા રાગાદિ આસ્રવભાવ)ની પ્રદેશ ભિન્નતા કઈ રીતે છે? કે આત્માના અસંખ્ય પ્રદેશની આખરી ભાગમાં રાગ છે. જ્યાં સુધી આસ્રવભાવ આપણી વર્તમાન દશામાં ચાલતા રહે છે ત્યાં સુધી તેટલા (આખરી) ભાગમાં રાગની ઉત્પત્તિ કહે છે, પરંતુ આસ્રવનો અભાવ થતાં તે પ્રદેશો સંવરના થઈ જાય છે. રાગના પ્રદેશોને જુદા બતાવીને જ્ઞાનની પર્યાય સાથે એકત્વ કર્યું છે.

★ બંધનું લક્ષણ રાગ છે જે બંધનું લક્ષણ છે તે આત્માનો સ્વભાવ કદી થઈ શકતો નથી.

★ અહીં સંવરને જ્ઞાયકથી અનન્ય કહ્યો છે, સંવરને જ આત્મા કહ્યો છે.

★ 'ચિદ્વિલાસ'માં ગુણ વિના પર્યાયનો ઉત્પાદ કહ્યો છે. ત્યાં પર્યાયની સ્વાધીનતા બતાવવી છે, માટે ગુણ-પર્યાયના પ્રદેશો ભિન્ન કહ્યાં છે.

★ પરિણામ - અપરિણામીમાં ભેદ હોવા છતાં (જ્યારે) અભેદમાં ભેદ દેખાતો નથી ત્યારે તેને સંવર પ્રગટ થાય છે. (પછી) ભેદ વિકલ્પ ઉત્પન્ન થતાં તે અનુભૂતિથી - શુદ્ધોપયોગથી - ચ્યૂત થાય છે, પરંતુ શુદ્ધ પરિણતિમાં આત્મા લબ્ધરૂપે જણાયા કરે છે. જે શુદ્ધ પરિણતિ કદી છૂટતી નથી- અપ્રતિહત છે- તેને જોડણી ક્ષાયિક કહ્યું છે. (કે જે) તેને અલ્પ કાળમાં

ક્ષાયિક સાથે જોડીને જ રહે છે, તેથી જ કહ્યું છે કે જાણનક્રિયામાં આત્મા પ્રતિષ્ઠિત છે.

★ લક્ષણ ક્રિયાશીલ છે. વેદન નિયમથી લક્ષણનું જ થાય છે. દરેક જીવને જ્ઞાનનું વેદન થાય છે. જીવને જો આકુળતા ચાલતી હોય તો તેને આકુળતામિશ્રિત જ્ઞાનનું વેદન થાય છે અને નિરાકુળતા પ્રગટ થતાં નિરાકુળતા સહિત જ્ઞાનનું વેદન ચાલે છે. લક્ષ્ય નિષ્ક્રિય છે, તેમાં વેદન થતું નથી.

★ જ્ઞાન નિરપેક્ષપણે પોતાના સ્વપર પ્રકાશક સ્વભાવથી રાગને રાગપણે અને જ્ઞાયકને અભિન્નપણે જાણ્યા જ કરે છે. તે જ્ઞાનનું કિરણ જ્ઞાયકથી અનન્ય રહે છે.

★ 'આવું અવિપરીત જ્ઞાન' અર્થાત્ જેટલી ઉપયોગ'અને રાગની એકત્વ બુદ્ધિ હતી તેટલું વિપરીત જ્ઞાન હતું.

★ 'રાગ પૃથક છે, રાગ પૃથક છે-' એમ જાણવાનું તું છોડી દે. ઉપયોગમાં ઉપયોગ છે એમ જેને ચાલતું રહે તેને પરોક્ષ અનુભૂતિ તો જલ્દી ચાલુ થઈ જાય છે.

★ ગાથા 181, 182માં લક્ષ્ય-લક્ષણની વાત કરીને ભેદજ્ઞાનની ચર્ચા કરી છે, પછી ગાથા 183માં અભેદ જ્ઞાનની શુદ્ધ પરિણતિની પ્રગટતા કેમ થાય તે કહ્યું છે.

★ મને નિરંતર મારો જ્ઞાયક જ જણાઈ રહ્યો છે તેવું ભાવભાસન થાય તે પરોક્ષ અનુભૂતિ છે.

★ તત્ત્વ નિર્ણયનો બળથી જ કામ થાય છે. જેને તત્ત્વનિર્ણય થઈ જાય તેને પ્રયોગ સહજ થઈ જાય છે. સમયે સમયે દુકાનમાં, ઘરમાં, રસોડામાં જે દૈનિક ક્રિયા થઈ રહે છે તે વખતે ભેદજ્ઞાન ચાલુ રાખવું જોઈએ. ડ્રાઈવીંગની પ્રેક્ટિસ કરે પછી તે સહજ થઈ જાય તેમ જ્ઞાનલક્ષણ દ્વારા જ્ઞાયકને જાણવાનો અભ્યાસ ચાલુ રાખવો જોઈએ.

★ સ્વપર ભેદવિજ્ઞાન સહિત તે તત્ત્વ શ્રદ્ધાન હોય તેને સમ્યગ્દર્શન કહે છે. અનુભૂતિથી બહાર આવતાં ઉપયોગ વિકલ્પરૂપ અને અનુભવ લબ્ધરૂપ રહે છે.

★ ઉપયોગ અનાદિથી ક્યાંય ગયો નથી. પરંતુ જીવને ભ્રમ થાય છે કે મારે મારા ઉપયોગને આત્મ સન્મુખ કરવાનો છે. આ ઉપયોગ કદી બહિર્મુખ કે અંતર્મુખ થતો જ નથી. ઉપયોગ ઉપયોગમાં રહીને ઘોષણા કરે છે કે હું ઉપયોગવાન છું. ત્યાં સુધી કહેવાય છે કે ઉપયોગ ક્રોધાદિમાં ચાલ્યો ગયો! પરંતુ એ ઉપયોગ તેના જ્ઞાનમાં ઉપયોગમાં જ રહે છે.

★ એ નિરપેક્ષ ઉપયોગ તો કદી જ્ઞાયકરૂપ પણ થતો નથી. અંશી તો નિષ્ક્રિય પારિણામિક ભુતાર્થ અપરિણામી જ્ઞાયક પદાર્થ છે. જ્ઞાન-આનંદાદિ ગુણોનો અખૂટ ખજાનો છે. તે ધ્રુવ અનાદિઅનંત શાશ્વતદેવ દ્રષ્ટિનો વિષય તે હું છું.

★ એ ઉપયોગવાન ત્રિકાળી પરમાત્મા છે, તે ક્યાં રહે છે? જો ભેદથી જુઓ તો તે અંશરૂપ ઉપયોગલક્ષણમાં રહે છે - અનાદિથી બિરાજમાન છે અને અભેદથી જુઓ તો જ્ઞાયક ભાવ પોતાની ત્રિકાળી સત્તામાં જ વિદ્યમાન છે.

★ ઉપયોગમાં ઉપયોગ છે, ક્રોધાદિ નથી. આમાં બે સત્તા બતાવી છે. જ્ઞાનની અંશની સત્તાને જ્ઞાયકમાં અભેદ કરીને ક્રોધાદિની સત્તાને પુદ્‌ગલની સત્તામાં નાખી છે અને તેને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે.

★ જો તને આવી ભિન્નતા સમજાઈ જશે તો તને અવિપરીત જ્ઞાનની પ્રગટતા થશે. જો તું તને રાગી-દ્વેષી માનીશ તો તને જ્ઞાનની અને ક્રોધની સત્તા અલગ અલગ નહીં ભાસે.

(ક્રમશઃ)

# ભેદવિજ્ઞાનતઃ સિદ્ધાઃ - ૩.૧

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ અંતર્ગત 'મોના' (યુ.એસ.એ.) દ્વારા ઉપરોક્ત વિષય ઉપર પાંચ દિવસના એક શિબિરનું આયોજન તા. 25 થી 29 ઓક્ટોબર 2014 દરમિયાન શિબિરમાં વિદ્વાનો સાથે થયેલી ચર્ચાઓમાંથી તારવેલા અત્યંત પ્રયોજનભૂત બિંદુઓનું 'મોના' તરફથી તૈયાર કરવામાં આવેલું એક સંકલન 'ગુરુપ્રસાદ'ના વાચકોના લાભાર્થે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

★ આંગણું એ લક્ષણ છે અને ઘર એ લક્ષ્ય છે. મારું જ્ઞાન પ્રગટ લક્ષણ છે. જ્ઞાયક એ મારું વાસ્તવિક સ્વરૂપ છે. જો એ જ પરિણમન નિરંતર ચાલશે તો તું અભેદમાં ચાલ્યો જઈશ.

★ આ બધી વાત જ્ઞાનની પ્રધાનતાથી કહેવામાં આવે છે, પરંતુ કિંમત તો બધી અભિપ્રાય-દ્રષ્ટિ-શ્રદ્ધા-વિશ્વાસની છે.

★ ચાંદ ચાંદનીમાં રહે છે, અગ્નિ ઉષ્ણતામાં રહે છે (તેમ ઉપયોગવાન ઉપયોગમાં રહે છે.)

★ ક્રોધ ક્રોધાદિમાં છે અર્થાત્ ક્રોધાદિ વિકારી ભાવમાં પુદ્ગલ ક્રોધ કર્મના પરમાણુ છે.

★ સમયસારની બીજી ઘણી ગાથાઓમાં આ જ રીતે ક્રોધાદિ અને જ્ઞાન વચ્ચે ભેદજ્ઞાન કરાવ્યું છે કે જેનાથી સંવર પ્રગટી શકે છે.

★ શુદ્ધોપયોગ અથવા શુદ્ધ પરિણતિ ન હોય એ પહેલાં અજ્ઞાનીના ઉપયોગમાં પણ ઉપયોગવાન બિરાજમાન જ છે. અનુભૂતિ સ્વરૂપ (જ્ઞાન સ્વરૂપ) ભગવાન આત્મા અનાદિથી આબાલ-ગોપાલ સહુને જાણવામાં આવી જ રહ્યો છે, ફક્ત તેને તેનો સ્વીકાર કરવાનો જ બાકી છે.

★ પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું છે કે આ વાત 'પાત્ર' શિષ્ય માટે લખાયી છે, 'તૈયાર' શિષ્ય એટલે કે જે નય-નિક્ષેપ, નિશ્ચય-વ્યવહાર ક્રમબદ્ધ આદિ બધું જાણે છે ફક્ત તેને માટે નથી.

★ અધ્યવસાનના કે પરસન્મુખતાના ભાવ વખતે પણ સત્ અહેતુક જ્ઞાનક્રિયા ચાલુ રહે છે. તે વખતે પણ જ્ઞાનનો અંશ જીવંત મોજૂદ છે. એમાં જ્ઞાયક જણાઈ રહ્યો છે. એમાં ક્રોધાદિ ભાવ નથી. એવું અખંડ તત્ત્વ - જ્ઞાનજ્યોતિ હું છું, જે પ્રતિ સમય પ્રગટ છે.

'જડભાવે જડ પરિણમે, ચેતન ચેતનભાવ...' જડ ક્રોધ અને ચેતન જ્ઞાન કદી એક થતા નથી. બન્ને સ્વરૂપથી જ વિપરીત છે. એ બન્ને વચ્ચે સંબંધ થયો જ નથી- એ ફક્ત જાણવાનું જ છે. તેમ અભિપ્રાય થતાં હું તો જ્ઞાનમાત્ર જ્ઞાયકદેવ છું એવો વિશ્વાસ આવતાં ક્રોધાદિભાવ મારાથી ભિન્ન જ છે એમ નિર્ણય થાય છે અને એકત્વ બુદ્ધિ તૂટતાં જ્ઞાનમાં સમ્યકપણું થાય છે.

★ જેમ નખ શરીરથી પૃથક છે એમ રાગ આત્માનો અવ્યય નથી. એનાથી આત્માનો પત્તો મળતો નથી. આંગળીનું ટેરવું અવ્યય છે, તેનાથી અવયવી શરીરનો પત્તો મળે છે. તેવી રીતે ચૈતન્યનું પરિણમન ચેતન અવયવ છે, તે અવયવી ચૈતન્યને કદી છોડતું નથી...

**બી (ગાથા-294 :)**

★ રાગ અને જ્ઞાન વચ્ચે કોઈ સંધિ નથી. જ્ઞાન સ્વભાવને જ્ઞાનમાં જોડી દેવો તે પ્રજ્ઞાછીણી છે.

★ આસ્રવ એટલે કે રાગ એ બંધનું નિયત લક્ષણ છે અને જ્ઞાન એ આત્માનું નિયત લક્ષણ છે. આ લક્ષણ ફરતા નથી, કાયમ એ જ રહે છે.

★ રાગ અને જ્ઞાન એ બે એકમેક લાગે છે,

પરંતુ ખરેખર એકમેક થયા નથી. અજ્ઞાનીને એમ લાગે છે કે કે મારું જ્ઞાન રાગ સાથે મિશ્રિત થઈ ગયું છે, પરંતુ આવું મિશ્રિતપણું ફક્ત એણે માન્યું જ છે.

★ રાગ અને જ્ઞાન એ બે લક્ષણો વચ્ચે અનાદિથી એકત્વબુદ્ધિ ચાલે છે. એ એકત્વબુદ્ધિનું નામ સંસાર છે. એ એકત્વબુદ્ધિ તોડવા માટે જ્ઞાન એ કરણ નામ સાધન છે.

★ જ્ઞાનલક્ષણ નિરપેક્ષ છે. તે સાધન છે. એને ત્રિકાળી દ્રવ્યની સાથે રાખવાનું છે, રાગની જેમ તેને ભિન્ન કરવાનું નથી. અહીં પ્રજ્ઞાછીણીમાં જ્ઞાનની પર્યાયને આત્મા સાથે અભેદ રીતે બતાવી છે.

★ ચૈત્ય અર્થાત્ રાગ અને ચેતક અર્થાત્ જ્ઞાયક - આ બે ભાવ વચ્ચે અતિ નિકટતા છે. એ બન્ને વચ્ચે એક દ્રવ્યપણું હોય એમ લાગે છે પરંતુ ખરેખર એકપણું નથી. કારણ કે રાગ ચૈતન્ય ચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે.

★ લક્ષણમાં લક્ષ પ્રતિષ્ઠિત છે એમ જે જાણે છે તેની પાસે પ્રજ્ઞાછીણી છે એમ કહેવાય છે. લક્ષણ હંમેશા સાધ્ય સાથે જ રહે છે, રક્ષક બનીને તેનું રક્ષણ કરે છે, રાગ-મિથ્યાત્વને તે લક્ષમાં - જ્ઞાયકમાં પ્રવેશ કરવા દેતું નથી.

★ રાગ-ચૈત્ય તો ભિન્ન છે જ, પરંતુ જેવું ચૈત્ય છે એવું અહીં જ્ઞાનાકારરૂપ જ્ઞેયાકાર પ્રતિ સમય ચાલતું રહે છે. પ્રતિ સમય નવો નવો જ્ઞાનાકારરૂપ જ્ઞેયાકાર બનતો રહે છે. આ તો મારો જ્ઞાનસ્વભાવ છે, રાગ એમાં આવ્યો નથી.

★ આ લક્ષણરૂપ સ્વભાવ આપણું રક્ષણ કરે છે, પરંતુ એમાં જ્યાં સુધી એને જ્ઞેયાકાર દેખાય છે ત્યાં સુધી એનું લક્ષ ચૈત્ય પર જ છે. એ (જ્ઞાતાકારરૂપ જ્ઞેયાકારો)ને જ્ઞાનરૂપ જ દેખીને પોતાના ચેતકમાં જે એકત્વ સ્થાપે છે તેને કહેવાય છે કે આણે પ્રજ્ઞાછીણી મારી. વારંવાર આવું ભેદજ્ઞાન જે કરે તે વ્યવહાર છે. તેમાં ગર્ભિત શુદ્ધતાનો જન્મ થાય છે. પ્રગટરૂપ શુદ્ધતા અનુભૂતિના કાળમાં થાય છે. વિકલ્પાત્મક (ભેદજ્ઞાન)માં તેને જ્ઞાનસ્વભાવ જ જણાય છે. એ ભેદજ્ઞાન આગળ વધતું વધતું ચેતક-જ્ઞાયકમાં ચાલ્યું જાય છે.

★ અજ્ઞાનીને લાગે છે કે આ ચૈત્યરૂપ રાગ મારામાં આવી ગયો છે. તેને તે દૂર કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેણે પોતાને સામાન્ય જ્ઞાનમાત્ર જ દેખાવાનો છે. એ લક્ષણમાં લક્ષ પ્રતિષ્ઠિત છે એમ જાણતાં તેની દ્રષ્ટિ જ્ઞાયક પર જતી રહે છે.

★ પ્રકાશક દિપકને જ્યારે પ્રકાશ્ય ઘટપટાદિ પ્રકાશ્ય બનાવે છે, તેમ જ્યારે પ્રકાશક જ્ઞાયકને પ્રકાશ્ય રાગાદિક પ્રકાશ્ય બનાવે છે, ત્યારે અનુભૂતિ જન્મે છે. રાગાદિ ભાવો ચેતકપણાને-આત્માને-જ પ્રકાશે છે. જ્ઞેય જ્ઞાનને પ્રકાશે છે.

★ જ્ઞેયાકારમાં સામાન્ય જ્ઞાનને જોવું તે પ્રજ્ઞાછીણી છે.

## સી (ગાથા-144)

★ એક શુદ્ધાત્માને છોડીને નિશ્ચય કે વ્યવહાર કોઈ પણ પ્રકારના વિકલ્પને પક્ષ કહે છે અને તેના ચિંતનને પક્ષપાત કહે છે. નિર્ણય થયા બાદ કોઈ પણ પ્રકારનો પક્ષ અનુભવ થવા દેતો નથી.

★ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ પક્ષાતિક્રાંત સમયસારના બે નામ છે. બન્નેનો આધાર સમયસાર છે.

★ આત્માની અનુભૂતિ શુદ્ધનયાત્ક હોય છે. આત્માનુભૂતિનું બીજું નામ જ્ઞાનાનુભૂતિ છે.

*(ક્રમશઃ)*